અંબાજી મંદિરમાં મોહનથાળ બંધ : હવે પ્રસાદમાં ચિક્કી

મોહનથાળનો પ્રસાદના હવે ૧૯૨૦૦ પેકેટ બચ્યા : ચીકીના સૂકા પ્રસાદ માટે અમુલ અને બનાસ ડેરી સાથે ચર્ચા અમુલ બ્રાન્ડ હોવાથી ચીકીનો પ્રસાદ દેશ અને વિદેશમાં પણ જશે

અંબાજી,તા.૩

શક્તિપીઠ અંબાજી મંદિરમાં હવેથી મોહનથાળનો પ્રસાદ નહીં મળે. સાંભળીને લાખો માઈભક્તોની લાગણી દુભાશે તે વાત નક્કી છે. અંબાજીમાં હવેથી મોહનથાળના બદલે ભક્તોને ચીકીનો પ્રસાદ મળશે. ચીકીનો પ્રસાદ સુકો હોવાથી ત્રણ માસ સુધી પણ ચાલી શકે જેને લઈને નિર્ણય લેવાયો છે. સૂકા પ્રસાદની ઘણી રજૂઆતો અને મંતવ્યો બાદ નિર્ણય કરાયો છે. સોમનાથ તિરૂપતિ સહિતના મંદિરોમાં પણ સૂકા પ્રસાદની માંગ છે અને એ મંદિરોનું જોઈને નિર્ણય કરાયો છે. હવે અંબાજીના સૂકા પ્રસાદ ચીકીનું દેશ અને વિદેશમાં પણ જશે. ચીકીના સૂકા પ્રસાદ માટે અમુલ અને બનાસ ડેરી સાથે વિચાર વિમસ પણ ચાલુ છે. અમુલ બ્રાન્ડ હોવાથી ચીકીનો પ્રસાદ દેશ અને વિદેશમાં પણ જશે.

અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદના હવે ૧૯૨૦૦ પેકેટ બચ્યા હતા. જેમાંથી ગુરુવારે રાત સુધી ૧૧૦૦૦ પેકેટનું વિતરણ થયું હતું. હવે ૮૨૦૦ પેકેટનો જ સ્ટોક બચ્યો છે. જે શુક્રવાર એટલે કે આજ સુધીમાં ચાલશે. પ્રસાદ બનાવતી એન્જસીને નવો પ્રસાદ બનાવવાનો આદેશ કરવામાં આવ્યો નથી. પરિણામે શુક્રવાર બપોર પછી હવે ભક્તોને માતાજીના પ્રસાદનો મોહનથાળ મળશે કે કેમ તે બાબતે આશંકાઓ સાથે આક્રોશ ઉભો થયો છે.

મહત્વનું છે, અગાઉ શક્તિપીઠ અંબાજીધામમાં માં અંબેના મંદિરમાં વહેંચાતો મોહનથાળના પ્રસાદ બદલે અન્ય પ્રસાદની વિતરણ વ્યવસ્થા શરૂ કરવામાં આવનારી હિલચાલ પણ મોહનથાળનો પ્રસાદ બંધ કરવા કોઈ જ આદેશ કરાયો નથી તેવું ટ્રસ્ટ દ્વારા કહેવામાં આવ્યું હતું. યાત્રાધામ અંબાજી મંદિર પરિષરમાં ૫૦ વર્ષ ઉપરાંતથી માં અંબેને મોહનથાળનો પ્રસાદ ધરાવીને શ્રદ્ધાળુઓ માટે વિતરણ વ્યવસ્થામાં મુકવામાં આવેલો છે.

હાલમાં પણ આ મોહનથાળનો પ્રસાદ વિવિધ કેટેગરીના બોક્સ પેકીંગમાં યાત્રિકોને નિયત કરેલા ભાવે વેચાણ કરવામાં આવે છે. જે દૂરદરાજથી આવતા યાત્રિકો હોંશેહોંશે માં અંબાને ધરાયેલા મોહનથાળનો પ્રસાદ સાથે પોતાના વતને લઈ જતા હોય છે.

મોહનથાળની એક પરંપરા પણ એવી રહી છે કે આજદિન સુધી મોહનથાળની બનાવટમાં સ્વાદનો કોઈ ફેર પડ્યો નથી ને વર્ષોથી એક જ સ્વાદમાં શુદ્ધતાની ખરાઈ સાથે વહેંચાતો મોહનથાળનો પ્રસાદ અંબાજી આવતા યાત્રિકો એક નહીં પણ અનેક બોક્સ સાથે લઈ જતા હોય છે. આ મોહનથાળના પ્રસાદની વિતરણ વ્યવસ્થા બંધ કરી અન્યપ્રસાદ વહેંચવા બાબતે કેટલાક માધ્યમોના અહેવાલના પગલે યાત્રિકોમાં પણ નારાજગી પ્રવર્તી રહી છે.

અંબાજી મંદિરમાં વહેંચાતો મોહનથાળનો પ્રસાદ અંબાજી મંદિરની એક ઓળખ સમાન બની ગયું છે. જેને નાના બાળકોથી લઈ વૃદ્ધો સહીતના લોકો પ્રસાદ સ્વરૂપે ગ્રહણ કરતા હોય છે. જે મોહનથાળ એક આસ્થાનો ભાગ બની ગયું છે ત્યારે મોહનથાળનો પ્રસાદ બંધ ન કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે. જોકે, હાલ તબક્કે આ પ્રસાદ બનાવવાની કામગીરી સ્થગિત કરાઈ છે. પણ મોહનથાળનો પ્રસાદ બંધ કરવા બાબતે કોઈ પણ જાતનો આદેશ કરવામાં આવ્યો નથી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ધ હિયરીંગ ટેલ્સ' પુસ્તકનું વિમોચન કર્યું

કોકલીયર ઇમ્પ્લાન્ટ કરાવેલા બાળકો સાથે વાત્સલ્યસભર સંવાદ કર્યો

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વર્લ્ડ હિયરીંગ ડે, તા. ૩ માર્ચે, 'ધ હિયરીંગ ટેલ્સ' પુસ્તકનું વિમોચન કરીને કોકલીયર ઈમ્પ્લાન્ટ દ્વારા શ્રવણશક્તિ મેળવેલા ૧૦ જેટલા ભુલકાંઓ સાથે વાત્સલ્યસભર સંવાદ કર્યો હતો. WHO દ્વારા ૨૦૦૭ થી ૩ માર્ચે આ વિશ્વ શ્રવણ દિવસ-વર્લ્ડ હિયરીંગ ડે ઉજવવામાં આવે છે. ગાંધીનગર સિવીલ હોસ્પિટલના કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટરના સર્જન ડૉ. નીરજ સુરી લેખિત-સંપાદિત 'ધ હિયરીંગ ટેલ્સ' પુસ્તકમાં એવા બાળકોની વાતો કરવામાં આવી છે જેમણે રાજ્ય સરકાર દ્વારા વિનામુલ્યે મળેલી સારવારથી જીવનમાં પહેલ વહેલી વાર અવાજની અનૂભુતિ કરી છે. આવા બાળકોના માતા-પિતા અને સમગ્ર પરિવારમાં આના પરિણામે આવેલા પરિવર્તન-બદલાવ અંગેના પ્રતિભાવો પણ પુસ્તકમાં સમાવિષ્ટ છે. વિશ્વ શ્રવણ દિવસ-વર્લ્ડ હિયરીંગ ડે ના દિવસે પ્રકાશિત થયેલું આ પુસ્તક સમાજમાં મૂક-બધિરતા સામે વહેલું અને વેળાસરનું નિદાન, સારવાર માટેની જનજાગૃતિનું સંવાહક બનશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પુસ્તક વિમોચન વેળાએ ઉપસ્થિત સ્પીચ થેરાપીસ્ટ, તબીબો અને કોકલીયર ઈમ્પ્લાન્ટ દ્વારા શ્રવણશક્તિ મેળવેલા બાળકોના પરિવારો સાથે પણ વાતચીત કરીને વિગતો મેળવી હતી. ગાંધીનગરની સિવીલ હોસ્પિટલમાં આવા ૧૬૦૦ થી વધુ ઓપરેશન થયા છે. એટલું જ નહિ, બાળક ઈમ્પ્લાન્ટ કરાવીને તેના ઘરે જાય પછી એક-બે વર્ષ સુધી તેના પૂનર્વસન માટે સિવીલ હોસ્પિટલ સામે ચાલીને ફોલો અપ લે છે. આવી સારવાર દ્વારા કોકલીયર ઈમ્પ્લાન્ટથી શ્રવણશક્તિ મેળવી સામાન્ય બાળક જેવું જીવન જીવતા ભુલકાંઓ સાથે શ્રી ભૂપેન્દ્ર પટેલે લાગણીસભર સંવાદનો સેતુ સાધ્યો તે વેળાએ પુસ્તકના લેખિકા-સંપાદક ડૉ. નીરજ સુરી, રાજ્યમાં અંગદાન જાગૃતિના પ્રેરણાસ્ત્રોત દિલીપભાઈ દેશમુખ(દાદા) પણ સહભાગી થયા હતા.

રાજ્યનાં ૭ મંદિરનાં પ્રસાદનું દિલ્હીથી આરોગ્યપ્રદ સર્ટિફીકેશન આવશે

પ્રસાદી હાઇઝેનીક અંગે રેટિંગ ઓડિટ કરવામાં આવશે : આરોગ્યપ્રદ હોવા અંગે રેટિંગ ઓડિટ ફૂડ સેફ્ટી તંત્ર અને થર્ડ પાર્ટી દ્વારા કરવામાં આવ્યું છે

મહેસાણા,તા.૩

મહેસાણા જિલ્લામાં બહુચરાજી, ઊંઝામાં ઉમિયા, વડનગરમાં હાટકેશ્વર સહિત ૭ જેટલા સ્થાનિકોમાં ભગવાનને ચઢાવી ભક્તોને આપવામાં આવતી પ્રસાદી હાઇજેનિક એટલે કે આરોગ્યપ્રદ હોવા અંગે રેટિંગ ઓડિટ ફૂડ સેફ્ટી તંત્ર અને થર્ડ પાર્ટી દ્વારા કરવામાં આવ્યું છે.

હવે નજીકના દિવસોમાં દિલ્હીથી સાત મંદિરોમાં ભક્તોને આપવામાં આવતી પ્રસાદી આરોગ્યપ્રદ હોવાનું સર્ટિફિકેશન(પ્રમાણિત) થઈને આવશે. જોકે મોટાભાગે મંદિરમાં પ્રસાદી (ભોજન) આરોગ્યપ્રદ હોય છે, ત્યારે તંત્ર રાહે તેનું સર્ટિફીકેશન કરવામાં આવી રહ્યું છે. ભગવાનને ધરાવવામાં આવતી પ્રસાદી(બ્લીઝફુલ હાઈઝેક ઓફરિંગ ટુ ગોડ) અને શ્રધ્ધાથી ભક્તોને આપવામાં આવતી પ્રસાદી આરોગ્યપ્રદ બની રહે તે માટે ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ મુજબ ઓડિટ કરીને સર્ટિફિકેશન આપવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

યાત્રાધામ બહુચરાજીમાં બહુચરાજી મંદિર, ઊંઝામાં ઉમિયા માતા મંદિર, ઐઠોરમાં ગણપતિ મંદિર, વડનગરમાં હાટકેશ્વર મંદિર, મોઢેરામાં મોઢેશ્વરી મંદિર, મહેસાણામાં સ્વામિનારાયણ મંદિર અને બાયપાસ ઈસ્કોન મંદિરમાં પ્રસાદી ત્યાંના રસોઈ ઘરની સ્થાનિક ફૂડ સેફ્ટી તંત્રની ટીમ દ્વારા મુલાકાત લેવાયા બાદ થર્ડ પાર્ટી રેટિંગ માટે ઓડિટ કરાયું છે.

મહેસાણા જિલ્લા ફૂડ સેફ્ટી ડેઝિગ્નેટેડ ઓફિસર વી.જી. ચૌધરીએ જણાવ્યું હતું કે, મંદિરમાં શ્રધ્ધાથી ભક્તોને આપવામાં આવતી પ્રસાદી હાઈજેનિક (આરોગ્યપ્રદ) હોવી જોઈએ. આ પ્રસાદી આરોગ્યપ્રદ બને તેના ભાગરૂપે દિલ્હી એફ.એસ.એસ.આઈ મારફતે સાત જેટલા મંદિરોમાં પ્રસાદી ભોજનનું હાઈજેનિક સર્ટિફિકેશન કરાવવામાં આવી રહ્યું છે.

ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા લેવલે સરકારની વિવિધ યોજનાઓનો લાભ ગામના લોકોના ગામમાં જ મળી રહે તે હેતુની વધુને વધુ સેવાઓની ઉમેરો કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત હાલમાં લેવલે આધારકાર્ડ નોંધણીની કામગીરી માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા ગાંધીનગર જિલ્લાને ૧૪ નવી આધારકીટ ફાળવવામાં આવેલ છે. જે જિલ્લા વિકાસ અધિકારી સુરભી ગૌતમ તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારી જહાન્વી પટેલની હાજરીમાં દહેગામ તાલુકાના વાસણ સોગઠી, હરખજીના મુવાડા, ગાંધીનગર તાલુકાના વલાદ, શિહોલીમોટી, અડાલજ, ઉવારસદ, કલોલ તાલુકાના નાસ્મેદ, ભોયણમોટી, પલિયડ તથા માણસા તાલુકાના લોદરા, પુંધરા, માણેકપુર અને ખરણા ગામોમાં વી.સી.ઈ.ને કામગીરી અર્થે ફાળવવામાં આવેલ જેથી ટુંક સમયમાં જ ગામોમાં આધારકાર્ડની કામગીરી થઈ શકશે.

ગાંધીનગરજિલ્લા પંચાયતના ૧૭૬ કર્મચારીઓનું હેલ્થ-ચેકઅપ કરાયું

ડીડીઓના માર્ગદર્શન હેઠળ સી. ડી.એચ. ઓ. ડો વૈષ્ણવ ના વડપણ થકી અને એ.ડી.એચ.ઓં. ડો નાયક ના આયોજન થકી તારીખ ૨-૩-૨૦૨૩ રોજ ૧૧ થી ૨ ના સમય ગાળા દરમ્યાન બિનચેપી રોગોના સ્ક્રીનીંગ અને આંખોની તપાસ માટે જિલ્લા એન.સી.ડી.સેલ અને તેજ આઇ સેન્ટર ગાંધીનગર દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું આ કેમ્પમાં જિલ્લા પંચાયતના પદાધિકારીશ્રીઓ અધિકારીશ્રીઓ અને કર્મચારીગણનું નીચે મુજબ ની તપાસ કરવામાં આવી હતી, હાઈટ, વેઈટ, બીએમઆઈ, આંખોની તપાસ, આરબીએસ, બ્લર પ્રેશર, કાઉન્સેલિંગ તથા હિમોગ્લોબીન (ફક્ત મહિલાઓ માટે) કરવામાં આવ્યું હતું. આ સાથે લાભાર્થીઓના આભા-આઈડી જનરેટ કરવામાં આવ્યા હતા.

આ કેમ્પ માં કુલ ૧૭૬ (પુરૂષ ૯૭ મહિલા.૭૯) ભાગ લીધેલ હતો, જે પૈકી ૧૨૮ લોકોની આંખની તપાસ ૬૦ મહિલાઓની હિમોગ્લોબીન ની તપાસ, તમામ ની હાઈટ, વેઈટ, બી.એમ.આઈ., ડાયાબિટીસ અને બ્લપ્રેશર ની તપાસ કરવામાં આવેલ જે પૈકી ડાયાબિટીસ ના ૧૪ અને ૧૨ વ્યક્તિના **blood pressure** નિયત મર્યાદાથી વધાર મળેલ. ૧૧૨ લાભાર્થીઓને બિન ચેપી રોગોથી બચવા હેલ્થી જીવન સૈલી અંગેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. જ્યારે ૧૦૬ લોકોના આભાકાર્ડ (હેલથ આઈડી કાર્ડ) જનરેટ કરવામાં આવ્યા હતા.

વાડીલાલ અને ઝાયડસ વેલનેસને લાખો રૂપિયાનો દંડ ફટકારાયો

રાજકોટ,તા.૩

રાજકોટના એજ્યુંડિકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેકટરની કોર્ટ દ્વારા વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેમની સાથે સંકળાયેલા ડિસ્ટ્રીબ્યુટર તેમજ રિટેલરને ૫,૮૫,૦૦૦ જ્યારે કે ઝાયડસ વેલનેસ લિમિટેડ અમદાવાદ અને તેમની સાથે સંકળાયેલા ડિસ્ટ્રીબ્યુટર તેમજ રિટેલરને ૧૧,૫૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. ફૂડ અને સેફટી કેસ અંતર્ગત ઝાયડસ વેલનેસ લિમિટેડ દ્વારા બનાવવામાં આવતું ન્યુટ્રાલાઈટ પ્રોફેશનલ ક્રીમિલીસિયસ મિક્સ ફેટ સ્પ્રેડ ૫૦૦ ગ્રામનો નમૂનો લેવામાં આવ્યો હતો. જેના રિપોર્ટમાં એસિડિક વેલ્યુ વધારે જોવા મળી હતી. વેલ્યુ વધારે હોવાના કારણે ખાદ્ય પદાર્થની ગુણવતા ઘટી જાય છે. જેના કારણે લેવાયેલા નમૂનાને સબ સ્ટાન્ડર્ડ જાહેર કરવામાં આવ્યો હતો. જે સંદર્ભે કોર્ટ કેસ ચાલતા ન્યુટ્રાલાઈટ બ્રાન્ડના બટર બનાવતી કંપની ઝાયડસ વેલનેસ લિમિટેડને રૂપિયા પાંચ લાખ તેમજ તેમની સાથે સંકળાયેલા ડિસ્ટ્રીબ્યુટર તેમજ રિટેલર સહિતનાઓને કુલ રૂપિયા ૧૧,૫૦,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

જ્યારે કે, વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને રૂપિયા પાંચ લાખ તેમજ તેમની સાથે સંકળાયેલા ડિસ્ટ્રીબ્યુટર સહિતનાઓ મળી કુલ ૫.૮૫લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ધોરાજીમાં આવેલી કાવેરી નામની પેઢીમાંથી બદામનીવલ આઈસ્ક્રીમના ૭૦૦ ગ્રામનું પેક લેવામાં આવ્યું હતું. જે નમૂનાના રિપોર્ટમાં મિલ્ક ફેટનું પ્રમાણ ૪ જ આવ્યું હતું. આઈસ્ક્રીમ તરીકે વેચવામાં આવતા કોઈપણ ખાદ્ય પદાર્થમાં ઓછામાં ઓછું ૧૦ ફેટ હોવું જરૂરી છે. આમ નિર્ધારિત વેલ્યુ કરતા ઓછા ફેટ વાપરવામાં આવતા આઈસ્ક્રીમ ઉત્પાદક થી માંડીને રિટેલર સુધીના તમામને દંડ ફટકારવામાં આવ્યો છે.

મકાઈની લઘુત્તમ ટેકાના ભાવથી સીધી ખરીદી કરાશે

ગાંધીનગર, તા.૩

ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર હરહંમેશ કટીબદ્ધ છે. રવી માર્કેટીંગ સીઝન ૨૩- ૨૪માં ઘઉં, બાજરી, જુવાર, રાગી,મકાઈની ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. દ્વારા લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરશે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતોએ તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી ગ્રામ્ય કક્ષાએ VCE દ્વારા ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે તેમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. ની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયાનુસાર નોંધણી માટે આધાર કાર્ડની નકલ, અદ્યતન ૭-૧૨, ૮-અ ની નકલ, નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તો પાક વાવ્યા અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડુતોએ તેમના નામના બેક ખાતાની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ જેવા જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે. ઘઉં પકવતા ખેડૂતોના પાકના લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા માટે ઓનલાઈન નોંધણી ફરજીયાત હોવાથી ખેડૂતોને સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરવાનો રહેશે. તેમજ ખરીદી સમયે ખેડુતે પોતાનુ આધારકાર્ડ/ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડુત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદમાં આવશે. ખેડૂતોએ નોંધણી કરાવતી વખતે તમામ ડોક્યુમેન્ટસ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવી. ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ થયાનું ધ્યાને આવશે તો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ નહી કરવામાં આવે. નોંધણી બાબતે કોઈ મુશકેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરવાનો રહેશે.

ડ્રાફ્ટ બજેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રંથાલય ઉભા કરવાનું પણ આયોજન કરાયુ છે. આ અંગે સર્વે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે આગામી ૪ માસમાં ગાંધીનગર મનપામાં રહેલા તમામ પશુઓમાં **RFID** માઈક્રો ચીપ્સ અને વિઝ્યુઅલ ટેગીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે મનપાના કાઉન્સીલરોની ગ્રાન્ટમાં રૂ. ૬ લાખનો વધારો સ્થાયી સમિતિએ સૂચવ્યો છે આ ઉપરાંત મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનની ગ્રાન્ટમાં પણ વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે સ્થાયી સમિતિએ આખરી કરેલ બજેટ પ્રજાલક્ષી, સર્વસમાવેશક, સર્વગ્રાહી અને પ્રગતિશીલ છે.

તેમણે જણાવ્યુ હતુ કે સ્પેશ્યલ (દિવ્યાંગ) બાળકો માટે તાલિમ અને વર્કશોપના આયોજન માટે રૂ. પાંચ લાખની જોગવાઈ કરવામાં આવ્યુ છે.

શહેરને સોંપવામાં આવેલ સફાઈની કામગીરી માટે ૧૫ ટકા રકમ, તેમજ ભૌતિક આંતર માળખાકીય સુવિધાઓ માટે ૫૪ ટકા રકમ બજેટમાંથી ફાળવવામાં આવી છે. આ ઉપરાંત રિનોવેશન અને એમ.આર.એફ. સેન્ટર બનાવવાની કામગીરી માટે ૯ ટકા રકમ ફાળવવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે મનપાના રેકર્ડનું ડીજીટાઈઝેશન કરવા સહિત ૧૫ જેટલા સૂચનો સ્થાયી સમિતિએ કર્યા છે. જેમાં વર્ષ-૨૦૨૨-૨૩માં વણવપરાયેલી સભાસદો, પદાધિકારીઓની ગ્રાન્ટ તેમજ સફાઈ ગ્રાન્ટ સહિતની ગ્રાન્ટને ૨૦૨૩-૨૪માં કેરી ફોરવર્ડ કરવામાં આવે તેવી ભલામણ કરી છે. ફરિયાદ નિયમન વ્યવસ્થા સઘન કરવાની પણ ભલામણ કરવામાં આવી છે.

સ્થાયી સમિતિએ આજે સુધારા-વધારા સાથે તૈયાર કરેલુ બજેટ હવે સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

ચેરમેને કહ્યુ હતુ કે શહેરમાં સતત બીજા વર્ષે પણ જનતા તરફથી મળેલા સૂચનોનો બજેટમાં સમાવેશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વિઝન-મિશન અને ગોલ્સ થકી સુશાસન અને જનકલ્યાણના કામો ઉત્તમ આયામો ચરિતાર્થ કરવાનું આયોજન છે અને દર ત્રણ મહિને વિઝન-મિશન અને ગોલ્સનો રિવ્યુ કરવામાં આવશે.

કન્ટ્રોલ રૂમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે પરીક્ષા સમિતિની બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક પણ હાજર રહ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી ડો બી એન પ્રજાપતિએ બોર્ડની પરીક્ષા સંચાલન સંદર્ભે અમલી કરવામાં આવેલા એકશન પ્લાન તેમજ આયોજન અંગે માહીતી આપી હતી. જિલ્લા પરીક્ષા સમિતિની બેઠકના પ્રારંભે રાજયના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર તેમજ રાજય શિક્ષણમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લાના અધિકારીઓને માર્ગદર્શન આપ્યુ હતુ આ દરમિયા બોર્ડની સમગ્ર પરીક્ષા પ્રક્રીયાની સમીક્ષા કરી હતી. શિક્ષણમંત્રીએ પરીક્ષાના હાઉ રાખ્યા વગર પરીક્ષાને એક ઉત્સવ માની તણાંવમુકત બની પરીક્ષામાં હાજરી આપવા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

આવક કરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ ઉપરાંત વર્ષ દરમિયાન સરકારી કાર્યક્રમો, ચુંટણી કે અન્ય ધાર્મિક કાર્યક્રમો તેમજ તહેવારોમાં પણ એસ ટી ડેપો દ્વારા વધારાની બસો દોડવી વધુ આવક ઉભી કરવામાં આવે છે. કોરોના કાળમાં બે વર્ષ સુધી એસ ટી ડેપોમાં બસની રૂટીન ટ્રીપો ખોરવાતા એસ ટી ડેપોની આવક પર વિપરિત અસર થઈ હતી જયારે ઘણાં સમય સુધી બસના પૈડા પણ થંભી જતા આવકના નામે મીંડુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ જો કે છેલ્લા એક વર્ષથી એસ ટી બસના પૈડા ટ્રેક પર દોડતા થઈ જતા હવે એસ ટી ડેપોની આવક પણ અગાઉની જેમ નોંધપાત્ર થઈ રહી છે. એસ ટી ડેપોમાં મુસાફર પાસ યોજના અન્વયે પણ વિશેષ પ્રતિસાદ મળી રહ્યો છે. જયારે વર્ષ દરમિયાન ધાર્મિક કાર્યક્રમોમાં પણ એસ ટી ની બસો ફાળવવામાં આવે છે. લગ્નવર્ધિ માટે પણ હવે લગ્ન મહોત્સવના આયોજકો સલામત સવારીનો આગ્રહ રાખે છે જેના લીધે લગ્નસરાની સિઝનમાં પણ ડેપોને તગડી આવક થાય છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન પરીક્ષાના સમયમાં પણ એસ ટી બસની સેવા લેવામાં આવે છે. વર્ષ દરમિયાન દિવાળી તેમજ હોળી ધુળેટી સહીતના તહેવારના દિવસોમાં પણ એસ ટી ડેપો કક્ષાએથી વધારાના રૂટમાં ટ્રાફિક મુજબ બસો દોડાવાનુ આયોજન કરવામાં આવે છે. જેને અનુલક્ષી એસ ટી ની આવકમાં વધારો થાય છે. છેલ્લા બે મહીનામાં જ લગ્નસરાની સિઝન તેમજ પરીક્ષાઓ અને અન્ય કાર્યક્રમો અન્વયે એસ ટી ડેપો દ્વારા વધારાની બસો દોડવામાં આવી હતી જે અન્વયે ડેપોએ વર્ષની શરૂઆતમાં જ બે મહીનામાં અંદાજિત રૂ ૧૪ લાખની વધુ આવક કરી છે. જયારે આ પૈકી જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહીનામાં લગ્નવર્ધિની આવક અન્વયે ડેપોએ રૂ ૨.૪૦ લાખની આવક કરી છે. ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપો મુસાફરોને બસ સેવા પુરી પાડી તગડી આવક કરે છે. આમછતા ડેપોમાં પોલીસ તંત્રની નિરસતાના લીધે પોલીસ ચોકી કાર્યરત કરી શકાઈ નથી જેના લીધે મુસાફરોની સલામતીના મામલે યોગ્ય પગલા લેવા સતત માંગ ઉઠતી રહે છે.

૩૮ ડિગ્રીએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્તાતી નથી. આજે મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ દિવસે આકરા તાપ સાથે ગરમીનો અહેસાસ કર્યો હતો છેલ્લા પાંચ દિવસમાં ગરમીનો પારો ૪ ડીગ્રી ઉંચકાયો છે. જયારે ઠંડીનુ પ્રમાણ પણ ૪ ડીગ્રી ઘટયુ છે. હવામાન તજજ્ઞોના મતે આગામી દિવસોમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળશે રાજયના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટુ થવાની સંભાવના છે. માવઠાની અસર વચ્ચે માર્ચ મહીનામાં વાતાવરણમાં વારંવાર બદલાવ જોવા મળશે અલબત્ત વાતાવરણ વાદળિયુ રહેશે જયારે બીજીતરફ ગરમીનો પારો પણ તપશે માર્ચ અંત સુધીમાં મહત્તમ તાપમાન ૪૦ થી ૪૧ ડીગ્રી સુધી પહોંચી જશે. જયારે એપ્રિલના અંતથી મેં મહીનામાં ગરમી રૌદ્ર સ્વરૂપ ધારણ કરશે. ગરમીની મોસમ શરૂ થતા જ શહેરમાં રસાળ ફુટ તેમજ ઠંડા પીણા અને આઈસ્ક્રીમનુ વેચાણ વધી ગયુ છે. જો કે હાલ ડબલ સિઝનની અસરથી બચવા માટે ઠંડા ખાદ્યપદાર્થોનુ સેવન નહીં કરવા માટે પણ તબીબી સલાહ છે. વિચિત્ર મોસમની અસર વચ્ચે જન આરોગ્ય પ્રભાવિત છે. શહેરમાં મોસમની અસરના લીધે શરદી , ખાંસી અને તાવના દર્દીઓ નોંધપાત્ર છે. અલબત્ત નગરજનો મોસમી બિમારીની અસરથી વિશેષ પ્રભાવિત છે.

કેન્દ્રો કાર્યરત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશ પ્રતિવર્ષ માર્ચ મહીનામાં હાથ ધરવામાં આવે છે. જયારે આ માટે ફેબ્રુઆરી મહીનામાં બીલનુ વિતરણ પણ કરી દેવામાં આવે છે. જો કે માર્ચ સુધીમાં વેરો ચુકવનારને વળતરનો પણ લાભ આપવામાં આવે છે પરંતુ વેરા વસુલાત ઝુંબેશના અંતે માંડ ૪૫ ટકા જેટલી જ કામગીરી થતા હવે તંત્ર પણ વેરાની ઝુંબેશને અસરકારક બનાવવા માટે કડક કાર્યવાહી કરવાના મુડમાં હોવાનુ મનાઈ રહ્યુ છે.

વ્યવસ્થા ખોરવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકત્રિત કરે છે જયારે આ વિસ્તારમાં પણ સેકટરોની જેમ કચરો એકત્રિત કરવા માટે કોર્પોરેશન દ્વારા આયોજન કરાયુ છે પરંતુ છેલ્લા ઘણાં સમયથી કચરો ઉપાડવા માટે વાહન ન આવતા રહીશોના ઘર આંગણે ગંદકી ખદબદી રહી છે. કચરાપેટીના સ્થાને પણ ઉકરડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. આ મામલે સ્થાનિકો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા પણ હજુ સુધી કચરો ઉઠાવાની વ્યવસ્થા નિયમિત રીતે ગોઠવાઈ નથી. સ્થાનિકો દ્વારા કચરો ઉપાડવાની કામગીરી નિયમિત રીતે થાય તેવી પ્રબળ માંગ પણ કરવામાં આવી છે. લાંબા સમયથી ગંદકીથી ઉભરાતી કચરાપેટીના લીધે રહીશો ઘર આંગણે જ ગંદકીના દ્રશ્યો સર્જાતા રોષે ભરાયા છે. જયારે ગંદકીનુ પ્રમાણ વધતા રોગચાળાની દહેશત પણ વ્યકત કરી રહ્યા છે.

ઉછાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ કારણોસર શેરબજારમાં ઉછાળો આવ્યો છે: એટલાન્ટા ફેડરલ રિઝર્વના વડા રાફેલ બોસ્ટિકની ટિપ્પણી પછી, વેપારીઓને વિશ્વાસ છે કે ફેડ રિઝર્વ આગામી સમયમાં પણ વ્યાજ દરોમાં ૦.૨૫ ટકાનો વધારો કરશે. આનાથી રોકાણકારોમાં વિશ્વાસ જાગ્યો છે કે આગામી સમયમાં વ્યાજદરમાં વધારો નીચો રહી શકે છે. વોલ સ્ટ્રીટ પર રાતોરાત સેશનમાં ઉછાળા પછી એશિયન શેરબજારોમાં ઉછાળો જોવા મળ્યો હતો. તેની અસર સ્થાનિક શેરબજારો પર જોવા મળી હતી.

અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો મજબૂત થઈને એક મહિનાની ટોચે પહોંચ્યો છે. ડોલર સામે રૂપિયો ૦.૩૨ ટકા વધીને ૮૨.૩૩ના સ્તરે પહોંચ્યો છે. શુક્રવારે અદાણી ગ્રુ